ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં આરોપી તથ્ય પટેલને સેશન્સ કોર્ટમાં રજૂ કરાયો

પાંચ દિવસના રિમાન્ડની માગ : અકસ્માત કર્યા બાદ પિતા પોતાના પુત્રને ભગાડી ગયો હતો, જેમાં તપાસ કરનાર જૈંની ટીમ સાથે તથ્યને કોર્ટમાં લવાયો

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં આરોપી તથ્ય પટેલને સેશન્સ કોર્ટમાં રજૂ કરાયો છે. જેમાં પોલીસે આરોપી તથ્ય પટેલના પાંચ દિવસના રિમાન્ડની માગ કરશે. જ્યારે પિતા પ્રજ્ઞેશ પટેલના રિમાન્ડની માંગણી નહીં કરાય. તેમજ અકસ્માત કર્યા બાદ પિતા પોતાના પુત્રને ભગાડી ગયો હતો. જેમાં તપાસ કરનાર જૈંની ટીમ સાથે તથ્યને કોર્ટમાં લવાયો છે.

પ્રજ્ઞેશ પટેલ પર અકસ્માત સમયે ઘટનાસ્થળે હાજર લોકોને ધમકાવવાનો આરોપ છે.. મહત્વનું છે કે રાજ્ય સરકારે કેસને ગંભીર ગણાવીને એક જ અઠવાડિયામાં ચાર્જશીટ રજૂ કરવાની ખાતરી આપી છે.. આજે સાંજ સુધીમાં વિશેષ સરકારી વકીલની નિમણૂક કરાશે. આ કેસમાં પોલીસે ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. જેમાં કલમ ૩૦૪, ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪ સામેલ છે.. જ્યારે એમવી એક્ટ ૧૭૭ અને ૧૮૪ મુજબ પણ ગુનો નોંધાયો છે.

માણાવદર-માંગરોળમાં પંથકમાં બારેમેઘ ખાંગા

સૌરાષ્ટ્રમાં સાંબેલાધાર વરસાદથી ખેતરો ફેરવાયા બેટમાં કપાસ, મગફળી અને સોયાબીનના પાકને મોટું નુકસાન

જુનાગઢ, તા.૨૧

ચોમાસાના ત્રીજા રાઉન્ડમાં જુનાગઢની માઠી દશા બેઠી છે. જુનાગઢના અનેક તાલુકામાં બે દિવસથી સતત વરસાદ વરસી રહ્યો છે. આખું સૌરાષ્ટ્ર સાંબેલાધાર વરસાદથી બેટમાં સર્જાયું છે. માંગરોળ પંથકમાં ગયકાલે બાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો અને ફરી ગત મોડીરાત્રે માંગરોળ પંથકમાં ધોધમાર વરસાદ શરૂઆત થઈ હતી જેથી માંગરોળ પંથકમાં ચારેબાજુ જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. લોકોનાં ઘરોમાં પાણી ઘુસ્યા તો ખેડૂતોના ખેતરોના ધોવાણ થયા વળી ખેડુતોને મગફળીના વાવેતરમાં ભારે નુકસાની થવાની શક્યતા શેવાઈ રહી છે. જ્યારે હાલ માંગરોળનાં ઘેડ પંથકમાં ફરી એકવાર જળ પ્રલયની પરિસ્થિતિ સર્જાઈ છે અને ઘેડ પંથકના લોકોનાં ઘરોમાં કમરડુબ પાણી ભરાયાં છે જેથી હાલ માંગરોળ પંથકમાં ખેડુતો તેમજ લોકોની પરિસ્થિતિ દયનીય બની ચૂક્યું છે. જ્યારે હાલ તો ઘેડ પંથકમાં મકાનો ડુબી રહ્યાં છે તેવા પણ દ્રશ્યો સામે આવ્યા છે અને લોકોના રહેવા માટેનાં મકાનો પાણીમાં ડુબી ગયા હોવાથી બીજાનાં ઘરેપણ આશરો લેવા મજબૂર બન્યા છે. બીજી તરફ હાલ લોકોનાં ઘરોમાં પાણી ભરાતા ફુલરામા ઘેડ ગામના લોકોએ પોતાનો માલ સામાન ઘરવખરી પલળે નહી તે માટે ઘરોમાં પથ્થરો રાખી તેમનાં ઉપર ખાટલાઓ રખાયાં હોવાનું નજરે પડે છે.

જુનાગઢ માંગરોળ પંથકમાં બારેમેઘ ખાંગા થયા છે. તો માણાવદરનું મટીયાણા ગામ બેટમાં ફેરવાયું છે. મટીયાણા ગામના વાડી વિસ્તારમાં ૪ મહિલાઓને રેસ્ક્યુ કરી બચાવી લેવાયા હતા. જૂનાગઢના માણાવદરના ઘેડ પંથકના ૪ થી ગામોમાં ઓઝત નદીના પૂરના પાણી ફરી વળ્યાં છે. જૂનાગઢના વંથલી તાલુકામાં ઉપરવાસમાં ભારે વરસાદ થતાં વંથલીથી આખા તરફનો રોડ તીનમસ પાસેથી પાણી આવી

જવાથી રસ્તો બંધ થયો છે. અવિરત વરસાદના કારણે ઓજત ઉબેણ તેમજ કાળવા નદીનું અવિરત પ્રવાહ આવતા વંથલીથી નીચાણવાળા વિસ્તારોને તંત્ર દ્વારા એલર્ટ કરવામાં આવ્યા છે. જ્યારે ટીનમસથી બાલાગામ જવાનો રસ્તો થયો બંધ પાણીના પ્રવાહ આવી જવાના કારણે ફરી ઘેડ પંથક જળબંબાકાર થયું છે. જુનાગઢ જિલ્લામાં કેશોદમાં મોડી રાત્રિથી જ અવિરત વરસાદના કારણે કેશોદના આંબાવાડી વિસ્તાર તેમજ જલારામ મંદિરમાં પાણી ઘૂસી ગયા છે. લોકોમાં હાલાકી અવિરત વરસાદના કારણે કેશોદ પંથકમાં જળબંબાકાર જેવી સ્થિતિ જોવા મળી છે. કેશોદમાં ટીલોરી નદીનું પાણી ઉપરવાસમાં ભારે વરસાદના કારણે જલારામ મંદિર તેમજ આંબાવાડી વિસ્તારોમાં લોકોના ઘરમાં પાણી ઘૂસ્યા છે.

૨૪૦૦થી વધુ અમૃત સરોવરના નિર્માણ સાથે, ગુજરાતમાં ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવવાનું આહ્વાન કર્યું હતું

ગાંધીનગર તા ૨૧

પાણીના સંવર્ધનની દિશામાં એક મહત્વપૂર્ણ પ્રયત્નના ભાગરૂપે, એપ્રિલ ૨૦૨૨ના મન કી બાત કાર્યક્રમમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવવાનું દેશવાસીઓને આહ્વાન કર્યું હતું.

"આઝાદી કા અમૃત મહોત્સવ" નિમિત્તે તેમણે પાણી બચાવવાની પ્રતિજ્ઞા લેવા માટે અનુરોધ કર્યો હતો. ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં તે દિશામાં નોંધપાત્ર કામગીરી કરીને, રાજ્ય સરકારે ૧૦૦ ટકાથી વધુ કામગીરી પૂર્ણ કરી છે. અત્યાર સુધી ૨૪૭૫ ના લક્ષ્યાંક સામે, રાજ્યમાં ૨૬૫૨ અમૃત સરોવરોની ઓળખ કરવામાં આવી છે, અને ૨૬૧૨ અમૃત સરોવરોનું નિર્માણ પૂર્ણ કરી દેવાયું છે.

ભારતના અમૃતકાળના આ સુવર્ણ સમયમાં, વડાપ્રધાનની અપીલનો હેતુ તમામ જિલ્લાઓમાં ઓછામાં ઓછા ૭૫ અમૃત સરોવર બનાવવાનો છે. આ દરેક અમૃત સરોવરમાં ૧ એકર (૦.૪ હેક્ટર)નો તળાવ વિસ્તાર હશે. તેમાં લગભગ ૧૦ હજાર ક્યુબિક મીટર પાણી સંગ્રહ કરવાની ક્ષમતા હશે. તેમાં જળસંચયની સાથે જનભાગીદારી પણ હોય, તે પણ મહત્વપૂર્ણ છે, કારણ કે તેનો હેતુ સમાજમાં સાથે મળી કામ કરવાની ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે. તેના માટે આગામી મહિનાઓમાં અમૃત સરોવર ખાતે જાહેર કાર્યક્રમોની ઉજવણી પણ કરવામાં આવશે. તાજેતરમાં યોગ દિવસ ૨૦૨૩ના પ્રસંગે ૧૫૯૭ સરોવરો પર ૬૫ હજારથી વધુ લોકોએ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. ૧ જુલાઈના રોજ ઘણા અમૃત સરોવર પર હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અમૃત સરોવરના ફાયદાઓ જણાવવા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સ્થાનિક સંસ્થાના પ્રતિનિધિઓ અને ગામના આગેવાનો સાથે સંવાદ કરવામાં આવ્યો છે.

વિપુલ ચૌધરીને મોટી રાહત, સેશન્સ કોર્ટે સજા પર સ્ટે આપ્યો

જેલમાં બંધ તમામ આરોપીઓને ૫૦ હજારના જામીન પર મુક્ત કરવા કોર્ટે આદેશ કર્યો છે

મહેસાણા, તા.૨૧

મહેસાણાના ચકચારી સાગરદાણ કૌભાંડ કેસમાં પૂર્વ ગૃહ રાજ્ય પ્રધાન વિપુલ ચૌધરીન મોટી રાહત મળી છે.મહેસાણાની સેશન્સ કોર્ટે વિપુલ ચૌધરી સહિત તમામ ૧૫ આરોપીની ૭ વર્ષની સજા પર સ્ટે આપ્યો છે. આની સાથે જ ચૌધરી સહિતના તમામ આરોપીઓના જામીન પણ મંજૂર કર્યા છે.

મહત્વપૂર્ણ છે કે અગાઉ કોર્ટે દોષિત ઠેરવતા તમામ આરોપીઓને ૭ વર્ષની જેલની સજા ફટકારી હતી.ત્યારે જેલમાં બંધ તમામ આરોપીઓને ૫૦ હજારના જામીન પર મુક્ત કરવા કોર્ટે આદેશ કર્યો છે.

મૃતકના પરિવારનો આક્રોશ, આરોપીને ફાંસીને સજા થાય

ઇસ્કોન બ્રિજ અકસ્માત કેસ : ઘટના બાદ પરિવારે સરકાર પર રોષ ઠાલવતાં એમ કહ્યું કે, સહાયથી તેમનો પુત્ર પાછો આવનાર નથી

અમદાવાદ, તા.૨૧

અમદાવાદના ગોઝારા ઈસ્કોન બ્રિજ અકસ્માતમાં બોટાદના ૩ યુવાનોનાં મોત થયા છે. બોટાદના કૃણાલ રોનક અને અક્ષર નામના ૩ યુવાનોની અંતિમવિધિ બાદ તેમના પરિવારો પર દુખોનું પહાડ તુટી પડ્યું છે. ત્યારે મૃતક અક્ષરના પરિવારજનોએ પણ સમગ્ર ઘટનાને લઈને રોષ વ્યક્ત કર્યો છે.

એમબીએ માટે ફોર્મ ભરવા અમદાવાદ ગયેલા અક્ષરને પળવારમાં હત્યારા તથ્યની કારે ફંગોળતાં તેનું મોત નીપજ્યું હતું. ઘટના બાદ પરિવારે સરકાર પર રોષ ઠાલવતાં એમ પણ કહ્યું કે, સહાયથી તેમનો પુત્ર પાછો આવનાર નથી.

જો તે પાછો આવી જાય તો અમે સરકારને પૈસા આપવા તૈયાર છીએ. ત્યારે અક્ષરના પરિવારજનોએ દીકરા સામે દીકરાના જીવની માગ કરી છે. પરિવારજનોએ સરકાર સામે ન્યાય આપવાની વાત કરી છે. તો હત્યારા તથ્ય માટે ફાંસીની સજાથી કાંઈ પણ ઓછું મંજૂર નથી તેવો રોષ પણ વ્યક્ત કર્યો છે.

મૃતક અક્ષરના માતા પિતા અને પરિવારના સભ્યો હૈયા ફાટ રુદન કરતા આક્રોશ ઠાલવ્યો હતો કે, લાખો રૂપિયાને શુ કરવાં છે અમે સરકારને કહીએ છીએ અમારો લાડકવાયો અમને આપો અમે સરકારને રૂપિયા આપીશું. વધુમાં પરિજનોએ કહ્યું કે, પોતાના શોખ માટે નિર્દોષ લોકોના જીવ લેનાર નરાધમને અમારી સામે જાહેરમાં ફાંસી આપે. નરાધમ તથ્ય પટેલની ગાડીમાં છોકરીઓ અને ડ્રગ્સ તેમજ દારૂ પણ સાથે હોવાનું પરિવારના સભ્યોએ આક્ષેપ કર્યો હતો અને તાત્કાલિક આકરામાં આકરી ફાંસીની સજા આપવાની માંગ કરી હતી. દરેક મા બાપને પોતાનો દિકરો વૃધ્ધા અવસ્થામા લાકડીનો ટેકો બનતો હોય છે પરંતુ આ નરાધમ આરોપીએ આ પરિવારનો ટેકો છીનવી લીધો છે.

દ. ગુજરાતમાં આગામી બે દિવસ સુધી અતિભારે વરસાદની આગાહી

૫ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના : અરવલ્લી, જૂનાગઢ, પોરબંદર સહિતના જિલ્લાઓમાં પણ અતિભારે વરસાદ ખાબકવાની આગાહી વ્યક્ત કરાઈ

ગાંધીનગર, તા.૨૧

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યભરમાં આગામી ૭ દિવસ વરસાદી માહોલ રહે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જેના પગલે સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદ વરસી શકે છે. તો બીજી તરફ અરવલ્લી, જૂનાગઢ અને પોરબંદર સહિતના જિલ્લાઓમાં પણ અતિભારે વરસાદ ખાબકવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. તેમજ જામનગર, દ્વારકા, ગીરસોમનાથમાં અતિભારે વરસાદ પડે તેવી સંભાવના છે. રાજકોટ અને ભાવનગરમાં પણ અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગ અનુસાર ૨૧ અને ૨૨ જુલાઈએ દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદ ખાબકી શકે છે. તો બીજી તરફ સુરત અને વલસાડમાં અતિભારે વરસાદની વરસી શકે છે. આ સાથે જ આગામી કેટલાક દિવસ અમદાવાદમાં પણ વરસાદી માહોલ યથાવત રહે તેવી સંભાવના છે. તો હવામાન વિભાગે આગામી ૫ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આજે રાજ્યમાં અમદાવાદ, અમરેલી, આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભાવનગર સહિતના જિલ્લાઓમાં ૩૦ ડિગ્રી તાપમાન રહે તેવી સંભાવના છે.

તો છોટાઉદેપુર, ગાંધીનગર, ગીરસોમનાથ, જુનાગઢ, કચ્છ, ખેડા, તાપી સહિતના જિલ્લાઓમાં ૨૯ ડિગ્રી રહે તેવી સંભાવના છે. તો બીજી તરફ નર્મદા, નવસારી જિલ્લાઓમાં ૨૮ ડિગ્રી રહે તેવી સંભાવના છે. બીજી તરફ બોટાદ, જામનગર, પાટણ, સાબરકાંઠા, સુરત,તાપી,વલસાડ જિલ્લામાં ૩૧ ડિગ્રી રહે તેવી સંભાવના છે.

હિંમતનગર નજીકથી ૨૭૦ કિલો માદક પદાર્થ LCB ટીમે ઝડપ્યો

સાબરકાંઠા, તા.૨૧

સાબરકાંઠા ન્ઝ્મ ટીમ પેટ્રોલિંગમાં હોવા દરમિયાન શંકાસ્પદ કાર પર નજર પડતા જ તેને પકડવા માટે પ્રયાસ કર્યો હતો. પોલીસને જોઈ કારના ચાલકે સાબરડેરી થી તલોદ સ્ટેટ હાઈવે પર હંકારી મુકી હતી. પોલીસને પાછળ જોઈને ગઢોડા પાસે કાર સીંગલ પટ્ટી રોડ પર હંકારી મૂકી હતી. આગળ જતા રસ્તો બંધ થઈ જતા ચાલક કારને મુકીને ખેતરોમાં દોટ મુકીને ભાગી છૂટ્યો હતો. કારમાંથી પોલીસને પોશડોડાનો મોટો જથ્થો હાથ લાગ્યો હતો.

કાર મુકીને ચાલક અને તેનો સાથે ખેતરમાં ભાગી છૂટ્યા બાદ પોલીસ પણ તેની પાછળ ખેતરોમાં દોટ લગાવતા એક કિશોર પોલીસને હાથ લાગ્યો હતો. જે કારમાં ચાલકની સાથે હતો. જેણે પોલીસને પ્રાથમિક પૂછપરછમાં જ આરોપી ચાલકનુ નામ જણાવતા જે અંગેની તપાસ શરુ કરી હતી. કિશોરે કારમાં પોશડોડાનો જથ્થો હોવાનુ પણ શરુઆતમાં જ જણાવ્યુ હતુ. પોલીસે આરોપી ચાલક યુવકને ઝડપી લેવા માટે કાર્યવાહી તેજ કરી દીધી છે. આરોપી કાર ચાલક ફરાર થયા બાદ પોલીસ ટીમના અન્ય કર્મચારીઓએ કારને કોર્ડન લીધી હતી. આરોપીનો પીછો કર્યા બાદ પોલીસે કાર પાસે આવીને તલાશી લેતા જેમાં પોશડોડાનો જથ્થો કારમાંથી મળી આવ્યો હતો. કારમાં કાળા રંગના કોથળામાં પોશડોડાનો જથ્થો ભરેલો હતો. ૧૮ જેટલા જુદુ જુદા કોથળાઓમાં પોશડોડાનો જથ્થો ભરેલો હતો.

કોથળામાંથી ૨૭૦ કિલોગ્રામ જેટલો પોશડોડાનો જથ્થો હોવાનુ સામે આવ્યુ હતુ. જેની કિંમત ૮ લાખ ૨૧ હજાર રુપિયા જેટલી અંદાજવામાં આવી છે. પોલીસે પોશડોડાનો જથ્થો જપ્ત કરીને આરોપીને ઝડપી લેવા માટે કાર્યવાહી શરુ કરી છે. કિશોરે પોલીસને પૂછપરછ દરમિયાન અનેક વિગતો ખોલી હતી. કિશોરે બતાવ્યુ હતુ કે પોશડોડાનો જથ્થો મધ્યપ્રદેશના નિમચથી લઈને આવ્યા હતા. નિમચથી કારમાં જથ્થો ભરીને ગુજરાતમાં આવવા દરમિયાન હિંમતનગર નજીક પોલીસને નજર કાર પર પડી હતી. જેને લઈ પોલીસે તેનો પીછો કર્યો હતો. પીઆઈ એજી રાઠોડ અને એસજે ચાવડાની ટીમે હવે આરોપી વિક્રમ જાટ રહે નોખડા જી. બાડમેરની શોધખોળ હાથ ધરી છે.

વાયરસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાથી અને તેઓ સમુહમાં વધુ સમય સાથે રહેતા હોવાથી આ વાયરસ વકર્યો છે. શાળાઓમાં આ બાબતે કાળજી રાખવાની જરૂર છે અને જો શક્ય બને તો સામુહિક પ્રવૃત્તિઓને થોડાક સમય માટે બંધ કરવી જોઈએ. વાલીઓએ પણ આ બાબતે જાગૃતતા કેળવી બાળકને જરાય આંખમાં તકલીફ જેવુ જણાય તો શાળાએ ન મોકલવુ જોઈએ.

બસ સેવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શરૂ કરવા માટે અગાઉ અનેકવાર રજુઆત કરી હતી નાગરિકોને સવારે રેલવે સ્ટેશન જવા માટે પણ સમયસર બસ મળી રહેતી હતી કાલુપુરથી ટ્રેઈન પકડવા માટે સ્થાનિકોને આ બસ વિશેષ ઉપયોગી થતી હતી જયારે અનેકવાર રજુઆતના અંતે આખરે ડેપો કક્ષાએથી કાલુપુર જી ઈ બી રૂટની આ બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે જેના લીધે સેકટરવાસીઓને હાંશકારો થયો છે. ગાંધીનગર અમદવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવાના રૂટમાં જરૂરી ફેરફાર કરવા માટે અગાઉ ડેપો કક્ષાએથી પણ એસ ટી નિગમને દરખાસ્ત કરવામાં આવી હતી જયારે સરખેજ સહીત અન્ય જરૂરી રૂટમાં સમયસર નાગરિકોને બસ સેવા મળી રહે તે મુજબ જરૂરી ફેરફાર કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી. કોરોનાકાળ પુર્વે શહેરના વિવિધ માર્ગો પર આસપાસ સ્થિત સેકટરવાસીઓને નજીકમાંથી જ બસ સેવા મળી રહે તે મુજબના રૂટમાં બસોનુ સંચાલન કરવામાં આવતુ હતુ પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી આ રૂટમાં બદલાવ આવ્યો હોવાનો પણ સ્થાનિકો રોષ ઠાલવી રહ્યા છે. શહેરના ગ માર્ગ પર પણ બસ સેવા નિયત રૂટમાં દોડે તેવી પણ લાગણી અને માંગણી પ્રબળ બની છે.

સજા કરાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખુમાનસિંહ પ્રભાતસિંહ ચૌહાણ, કરણસિંહ નટવરસિંહ ચૌહાણ, રણજીતસિંહ જશવંતસિંહ ચૌહાણ, બળદેવસિંહ ધુળસિંહ ચૌહાણ, રાજેન્દ્રસિંહ બળદેવસિંહ ચૌહાણ અને સંજયસિંહ જશવંતસિંહ ચૌહાણ (તમામ રહે.હરસોલી)ને આઈપીસી કલમ ૩૨૩, ૩૨૫, ૧૪૩, ૧૪૭ના ગુનામાં બે વર્ષની સજા અને દરેકને રૂા.૪-૪ હજારનો દંડ ફટકારવામાં આવે છે.

અજગરી ભરડો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવામાં આવ્યુ હતુ પરંતુ હાલ પણ સેકટરોમાં ઘણાં ઠેકાણે જોખમી સ્થિતિ જોવા મળી રહી છે. તો સેકટરોમાં રાત્રિના સમયે ઘણાં ઠેકાણે બંધ રહેતી સ્ટ્રીટ લાઈટો પણ સ્થાનિકો માટે સમસ્યાનુ કારણ બની છે. સેકટરોમાં એક થાંભલો ચાલુ તો બીજો બંધ તેવી પણ સ્થિતિ જોવા મળે છે જેના લીધે રાત્રિના વરસાદી માહોલ વચ્ચે સેકટરવાસીઓને અવરજવર કરવામાં પણ મુશ્કેલી પડે છે. અગાઉ પણ બંધ સ્ટ્રીટ લાઈટો મામલે સર્વે હાથ ધરી ફરિયાદોનો ઝડપથી નિકાલ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી હતી પરંતુ હાલની સ્થિતિએ પણ સેકટરોમાં ઘણાં ઠેકાણે લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. સે- ૩ સી માં પણ ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા રાત્રિના સમયે અંધારપટ્ટ જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે માર્ગો પરની જોખમી સ્થિતિ નિવારવા તેમજ બંધ સ્ટ્રીટ લાઈટો મામલે સર્વે હાથ ધરી ફરિયાદોનો ઝડપથી નિકાલ થાય તેવુ આયોજન કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

તોડી પડાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુર્વે સે -૧૬ માં નિકાલ હેઠળના બ્લોક તોડવામાં આવ્યા હતા ત્યારબાદ તબક્કાવાર સેકટરોમાં જોખમી મકાનો તોડવા માટે દરખાસ્તના અંતે મંજુરી મળતા જુના આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. થોડા સમય અગાઉ સે- ૧૬ અને સે-૧૭ માં પણ જુના મકાનો તોડવામાં આવ્યા હતા જયારે સે- ૯ માં પણ ૪૫ વર્ષ જુના મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. શહેરમાં જુના મકાનો તોડીને નવ મકાનો બાંધવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી શહેરના સે- ૬ , ૭ અને સે- ૨૯ તેમજ સે-૩૦ માં નવા મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે આ મકાનોમાં હાલ કર્મચારીઓનો વસવાટ પણ છે. આ ઉપરાંત થોડા સમય અગાઉ જ સે- ૨૨ અને સે- ૩૦ માં પણ નવી ટાવર કોલોની ઉભી કરવા માટે આયોજન કરી દેવાયુ છે. બીજીતરફ હાલ સે- ૭ માં ચ, ચ-૧ અને ચ- ૨ તેમજ જ- ૨ કક્ષાના આવસો તોડવાનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. સેકટરમાં સ્થિત આ વર્ષો જુના મકાનો લાંબા સમયથી કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા હતા જયારે ભયજનક હોવાના લીધે ખાલી પણ હતા તંત્ર દ્વારા સેકટરમાં ચ કક્ષાના ૧૫ બ્લોક તોડવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. આ ઉપરાંત જ- ૨ કક્ષાનો પણ એક બ્લોક તોડવામાં આવશે. આમ સેકટરમાં કુલ ૯૬ મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવશે આવાસોનો કડુસલો કરવાની કામગીરી આગામી બે મહીનામાં પુર્ણ કરી દેવાશે.

પ્રચંડ આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખર્જી રોડ સ્થિત પોદાહાટમાં આગ લાગવાની માહિતી મળતા જ ૧૮ ફાયર ફાઈટર એક પછી એક પહોંચ્યા અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ આગ લગભગ મધરાત્રે ૧:૦૦ વાગ્યાની આસપાસ લાગી હતી. જે બાદ આ વિસ્તારમાં અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. આગ લાગ્યા બાદ આ વિસ્તારમાં પાવર કટ થઈ ગયો હતો.

ડિવિઝનલ ફાયર ઓફિસર રંજન કુમાર ઘોષનું કહેવું છે કે ઘટનાની માહિતી મળતાની સાથે જ હાવડા હેડ ક્વાર્ટરથી ફાયર એન્જિનને તાત્કાલિક ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. વાહનોને બોલાવવામાં આવ્યા છે. આગ ઓલવવાની કામગીરી ચાલી રહી છે.પણ પાણીને લઈને સમસ્યા ઉભી થઈ રહી છે.

આંચકા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સેન્ટર ફોર સિસ્મોલોજીએ તેની સૂચના આપી હતી. આ ભૂકંપની ઊંડાઈ ૧૦ કિમી હતી.

આ અગાઉ ૪.૨૨ મિનિટ પર ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. જેની તીવ્રતા ૩.૪ માપવામાં આવી હતી. તો વળી સૌથી જોરદાર ભૂકંપ ૪ કલાકને ૯ મિનિટ પર આવ્યો હતો.

જયપુરમાં સવારે ૪.૯ મિનિટ પર આવેલા ભૂકંપની તીવ્રતા ૪.૯ માપવામાં આવી હતી. જો કે, અત્યાર સુધી આ ત્રણેય ભૂકંપના ઝટકામાં કોઈ હતાહતના સમાચાર આવ્યા નથી. જો કે, ભૂકંપ એટલો જોરદાર હતો કે, લોકોની ઊંઘ ખુલી ગઈ અને ઘરમાંથી બહાર ભાગતા દેખાયા હતા. ઝટકાથી ડરેલા લોકો ફોન કરીને એકબીજાને હાલચાલ જાણી રહ્યા છે.

કરૂણ મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્ય થોડા સમય માટે ધીમું પડી ગયું હતું અને ખોદકામ કરનારાઓને પહાડી સ્થળ પર લઈ જવામાં મુશ્કેલી પડી હતી. સિંહે ઉમેર્યું હતું કે 'ગુરુવારે સાંજે બચાવ કામગીરી બંધ કરવામાં આવી હતી અને શુક્રવારે સવારે ફરી શરૂ થશે. પહાડી વિસ્તાર અને ખરાબ હવામાનને જોતા એરફોર્સના એરક્રાફ્ટનો ઉપયોગ કરીને ખોદકામ મશીનરનીને એરલિફ્ટ કરવાની કોઈ શક્યતા નથી. જેઓ ફસાયેલા છે તેવા પીડિતોના જીવિત રહેવાની શક્યતા ખૂબ ઓછી છે. ફસાયેલા લોકોનો ચોક્કસ આંકડો હજી અસ્પષ્ટ છે'. ૧૬ મૃતકોમાં ૧૨ પુરૂષ વયના અને ૪ બાળકોનો સમાવેશ થાય છે, જેમાંથી આઠ પુરુષ અને આઠ મહિલા છે. એનડીઆરએફની ટીમોએ ૨૧ ગ્રામજનો તેમજ એક બળદ સહિત કેટલાક પશુધનને બચાવ્યા હતા. મુખ્યમંત્રી એકનાથ શિંદે સ્થળ પર દોડી ગયા હતા અને બાદમાં ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારમાં જઈને તપાસ કરી હતી. તેમણે કહ્યું હતું કે, વહીવટીતંત્ર ગુમ થયેલા તમામને શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે. ગામના કેટલાક બાળકો સ્કૂલમાં હતા જ્યારે અન્ય કામથી બહાર હતા. તેમણે મૃતકના પરિવારજનો માટે પાંચ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી તો બચી ગયેલા લોકોને આશરો આપવાનું કહ્યું હતું.

એકનાથ શિંદેએ કહ્યું હતું કે 'રાહત અને બચાવ અભિયાનના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ ગામ ભૂસ્ખલન સંભવિત ગામના લિસ્ટમાં નહોતું. હવે અમારી પ્રાથમિકતા ફસાયેલા લોકોને બચાવવાની છે. આ એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે અને રાજ્ય સરકાર પ્રભાવિત લોકો સાથે છે. સતત વરસાદ થઈ રહ્યો છે અને કાટમાળનો ૨૦ ફૂટ ઊંચો ઢગલો થઈ ગયો છે. બચાવ કાર્ય માટે બે હેલિકોપ્ટર તૈનાત છે પરંતુ ખરાબ વાતાવરણના કારણે તે ઊડાન નથી ફરી શકતા'.

મહારાષ્ટ્રમાં વરસાદને લઈને આઈએમડીએ એલર્ટ જાહેર કર્યું છે. આઈએમડીએ શુક્રવાર માટે રાયગઢ, પુણે અને પાલઘર જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. મુંબઈ અને રત્નાગિરી માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. વાતાવરણને જોતા પાલઘરમાં શુક્રવારે તમામ સ્કૂલો બંધ રહેશે. વરસાદના રેડ એલર્ટને જોતા જિલ્લાધિકારીએ આદેશ જાહેર કર્યો છે. મહારાષ્ટ્રમાં વરસાદના કારણે અત્યારસુધીમાં ૪૩ લોકોના મોત થયા છે.